૧૮

<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>

સરકારી કુમાર છાત્રાલયોના મકાન બાંધકામ બાબત.

રૂ.૩૧૮૧.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૨૦૧૯/૫૮૦૬૦૭/ન.બા-૧૬/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૫/૦૯/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૭/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧૦૨/૧૯-૨૦/૧૧૩૯૮-૯૯

<u>પ્રસ્તાવના:</u>

અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલયોના બાંધકામ માટે ભારત સરકાર તરફથી ૧૦૦ વિદ્યાર્થીની મર્યાદામાં વિદ્યાર્થીદીઠ રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં જોગવાઇ કરવામાં આવેલ છે. અન્ય રકમની જોગવાઇ રાજ્ય સરકારે પોતાના અંદાજપત્રમાં કરવાની રહે છે. આમ, સદરહુ યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી ૧૦૦% ગ્રાન્ટ મળતી નથી. જેથી આ યોજનામાં કેન્દ્ર સરકારનો હિસ્સો હોવાથી આંશિક કેન્દ્ર પૂરસ્કૃત રકમ અને રાજય યોજના હેઠળની રકમ દર્શાવવામાં આવે છે પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી કેન્દ્ર સરકાર તરફથી કોઇ હિસ્સો મળેલ નથી. આથી, વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૭/૧૨/૧૯ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના (૧) સરકારી કુમાર છાત્રાલય, ખંભાત, જિ. નડીયાદ (૨) સરકારી કુમાર છાત્રાલય, બોટાદ, જિ. બોટાદ (૩) સરકારી કુમાર છાત્રાલય, લુણાવાડા, જિ. મહિસાગર (૪) સરકારી કુમાર છાત્રાલય, (પી.જી) ભાવનગર, જિ.ભાવનગર (૫) સરકારી કુમાર છાત્રાલય, પાટણ, જિ. પાટણ (૬) સરકારી કુમાર છાત્રાલય, ગારીયાધાર, જિ. ભાવનગર (૭) સરકારી કુમાર છાત્રાલય, ગોંડલ, જિ. રાજકોટ (૮) સરકારી કુમાર છાત્રાલય, આદિપુર, જિ. કચ્છ (૯) સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર, જિ. ગાંધીનગર (૧૦) સરકારી કુમાર છાત્રાલય, કડી, જિ. મહેસાણા (૧૧) નરસિંહ ભગત કુમાર છાત્રાલય, બી-બ્લોક, અમદાવાદ, જિ. અમદાવાદ એમ કુલ - ૧૧ કુમાર છાત્રાલયોના મકાન બાંધકામ માટે કેન્દ્રનો ફાળો શુન્ય ગણી ૧૦૦ ટકા રાજ્ય ફાળા તરીકે બજેટ જોગવાઈ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલયો (૧) સરકારી કુમાર છાત્રાલય, ખંભાત, જિ. નડીયાદ રૂ.૭૮૧.૦૦ લાખ (૨) સરકારી કુમાર છાત્રાલય, બોટાદ, જિ. બોટાદ રૂ.૨૦૦.૦૦ લાખ (૩) સરકારી કુમાર છાત્રાલય, લુણાવાડા, જિ. મહિસાગર રૂ.૨૦૦.૦૦ લાખ (૪) સરકારી કુમાર છાત્રાલય, (પી.જી)ભાવનગર, જિ.ભાવનગર રૂ.૩૦૦.૦૦ લાખ (૫) સરકારી કુમાર છાત્રાલય, પાટણ, જિ. પાટણ રૂ.૩૦૦.૦૦ લાખ (૬) સરકારી કુમાર છાત્રાલય, ગારીયાધાર, જિ. ભાવનગર રૂ.૨૦૦.૦૦ લાખ (૭) સરકારી કુમાર છાત્રાલય, ગોંડલ, જિ. રાજકોટ રૂ.૨૦૦.૦૦ લાખ (૮) સરકારી કુમાર છાત્રાલય, આદિપુર, જિ. કચ્છ રૂ.૩૦૦.૦૦ લાખ (૯) સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર, જિ. ગાંધીનગર રૂ.૪૦૦.૦૦ લાખ (૧૦) સરકારી કુમાર છાત્રાલય, બી-બ્લોક, અમદાવાદ, જિ. અમદાવાદ રૂ.૩૦૦.૦૦ લાખ એમ એમ કુલ - ૧૦ કુમાર છાત્રાલયોના મકાન બાંધકામ માટે આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજનામાંથી પૂર્ણ રાજ્ય યોજના હેઠળ તબદીલ કરવાની કુલ રૂ.૩૧૮૧.૦૦ લાખની (અંકે રૂપિયા એકત્રીસ કરોડ એકયાસી લાખ પુરા)ની નવી બાબતની જોગવાઈને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કક્ષાએથી સત્વરે પુર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પુર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો તેવા આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્ક ઓર્ડર આપતા પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૫) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૨ SCW-30 સરકારી કુમાર/કન્યા છાત્રાલયોના મકાનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦